અપીલ અરજી નં.૪૧૬ તા.૨૫–૩–૦૯

અરજદારઃ શ્રી પ્રમોદચંદ્ર મનસુખલાલ ભરતવાલા
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રમોદચંદ્ર મનસુખલાલ ભરતવાલાની તા.૩–૨–૦૯ ની અરજીથી રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ તથા સગરામપુરા કોમ્યુનીટી હોલના વપરાશ ઉપયોગ વિગેરેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૫–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૧૬ /૨૦૦૮–૦૯

શ્રી પ્રમોદચંદ્ર મનસુખલાલ ભરતવાલાની તા.૩–૨–૦૯ ની અરજીથી રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ તથા સગરામપુરા કોમ્યુનીટી હોલના વપરાશ ઉપયોગ વિગેરેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મુદ્દા નં.૪ ની માહિતી અધુરી તથા સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૦૨ તા.૩૧–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને તથા અરજદારને તેમની અધૂરી માહિતીની રજૂઆત અન્વયે કઈ માહિતી મળેલ છે અને કઈ સામે નારાજગી છે તેની વિગતો આધાર સહિત મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૮ તા.૧૫–૪–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી તેમના પત્ર નં.૬–૪–૦૯ ના પત્રથી વિગતો મોકલી તેમણે મુદ્દા નં.૩ અને ૫ ની વિગતો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મેળવેલ હોવાનું જણાવેલ. જેમાં મુદ્દા નં.૩ માં હોલના વપરાશના નીતિ નિયમોની નકલ તથા નં.૫ માં છેલ્લા છ માસમાં હોલના વપરાશની વિગતો સમાવિષ્ટ છે.

અરજદારની તા.૩–૨–૦૯ ની અરજીથી રૂસ્તમપુરા કોમ્યુનીટી હોલ તથા સગરામપુરા કોમ્યુનીટી હોલના વપરાશ ઉપયોગ વિગેરેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારો જણાવે છે કે રૂસ્તમપુરા ખાતે સુમ.પા. સંચાલિત કોમ્યુનીટી હોલ આવેલ છે તેને લાગત ઉત્તર દિશામાં અમારા રહેણાંક આવેલ છે અને મસ્જિદ દરગાહ આવે છે પશ્ચિમે આશાપુરી માતાનું મંદિર આવે છે અને દક્ષિણે સુ.મ.પા. સંચાલિત કડીવાળા અને બુનકી શહેરી આરોગ્ય કેન્દ્ર અને પ્રસુતિગૃહ અને પ્રાથમિક શાળા આવેલા છે. આખા વર્ષ દરમ્યાન લગ્ન/પાર્ટીનું આયોજન થાય છે જેમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ફટાકડાઓ ફોડવામાં આવે છે . ડી. જે. સાઉન્ડ, અને બેન્ડવાજા વગાડવામાં આવે છે જેનો કોઈ સમય નકકી હોતો નથી. સવારથી સાંજ સુધી આ પ્રોગ્રામ ચાલતો રહે છે. જેને કારણે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને, કડીવાળા અને બુનકી શહેરી આરોગ્ય કેન્દ્ર અને પ્રસૂતિગૃહના દર્દીઓને સગર્ભા/પ્રસુતા માતા અને તેના નાના અને તરત જન્મેલા બાળકને અવાજ/ઘોંઘાટના ન્યુસન્સને કારણે કદી ભરપાઈ ન થઈ શકે એવું શારીરિક, માનસિક નુકશાન થાય છે. જેના જવાબમાં સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૬૨ તા.૨૪–૨–૦૯ થી જણાવેલ પત્રમાં મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપેલ છે. જેમાં તકરાર હેઠળના મુદ્દા નં.૪ અંગે અરજદારોની તા.૯–૧–૦૯ ની અરજી અંગે જરૂરી સુચના આપેલ હોવાની માહિતી અરજદારને આપેલ છે. આજ બાબતે જાહેર માહિતી અધિકારીએ અત્રે રવાના કરેલ સંદર્ભ હેઠળની નોંધ વિભાગના રીપોર્ટની વિગત જોતાં ફરીયાદીની અરજીની મુદ્દા અવાજનો ઘોંઘાટ તથા ન્યુસન્સ અંગે હોલમાં પ્રવેશ કરતાંજ બેન્ડવાજા બંધ કરાવવામાં આવે છે અને તેનો અમલ કરવામાં આવે છે. તથા હોલમાં ફટાકડા ફોડવાના પ્રતિબંધનો ચુસ્તપણે અમલ કરાવવામાં આવે છે તેવું જણાવેલ છે. જયારે ડી.જે. સાઉન્ડ અંગે ફકત રાત્રિના દસ વાગ્યા સુધી હોલમાં વગાડવાની પરમીશન હોઈ ત્યાર બાદ બંધ કરાવી દેવામાં આવે છે તેવું જણાવેલ છે. પરંતુ સદર વિગતો તેમણે અરજદારને વિગતવાર જણાવેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજીના મુદ્દાથી આ અંગે તેમની ૯–૧–૦૯ ની અરજીથી નિયમોનું ચૂસ્તપણે પાલન કરવા સુચના આપવા જણાવેલ છે. જયારે આરટીઆઈ હેઠળની અરજીના મુદ્દા નં.૪ થી ન્યુસન્સ દૂર કરવા શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની વિગતવાર માહિતી માંગેલ છે.

આરટીઆઈ એકટની કલમ (૪) ૧ (બી) સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં અધિકારી/કર્મચારીની ફરજો અને જવાબદારી તેમજ કામના નિકાલના ધોરણે તથા તબકકાની વિગતો જાહેર કરવાની રહે છે તથા કલમ–૪(૧) સી હેઠળ લોકોને અસરકર્તા નિર્ણયો જાહેર કરતી વેળા કે નીતિ ઘડતર સમયે હકીકત જાહેર કરવા પરત્વે ભાર મુકાયેલ છે. તથા તેમના વહીવટી અને અર્ધન્યાયીક નિર્ણયો જે પ્રજાને અસરકર્તા તેમ તેના કારણો આપવાની જોગવાઈ છે.

પાછળ

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૩–૨–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી અરજદારની ૯–૧–૦૯ ની અરજીના અનુસંધાને હાથ ધરેલ કાર્યવાહી અને લીધેલ નિર્ણયની વિગતવાર માહિતી કાયદાની કલમ–૪(૧) સી તથા ડી હેઠળ કરેલ અમલવારીની વિગત સહિત દિન–૭ માં કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન) ,.......જાણ તથા અમલ માટે.
(૨)શ્રી પ્રમોદચંદ્ર મનસુખલાલ ભરતવાલા,